## તંત્રી સ્થાનેથી......

ભારતીય પરંપરાગત લોક અને આદિવાસી સંગીતને વૈશ્વિક મંચ પર પ્રોત્સાહિત કરવા અને તેને વિસ્તૃત કરવા માટે આજે નવી દિલ્હીમાં ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા YouTube સાથે સમજૂતી પત્ર (MoU) ની આપ-લે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, સાંસ્કૃતિક મંત્રાલયના સચિવ શ્રી વિવેક અગ્રવાલ અને YouTube ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી ગુંજન સોની ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું હતું કે ભારતની વિવિધ લોક પરંપરાઓનું જતન અને સંવર્ધન એ સાંસ્કૃતિક મંત્રાલય માટે એક મુખ્ય મિશન છે. YouTube સાથેનું આ જોડાણ આપણી સર્જનાત્મક અર્થવ્યવસ્થાને પોષવા અને આપણા કલાકારોને સશક્ત બનાવવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યું હતું કે આપણો ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે લોક સંગીતકારો પાસે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે વધુ દૃશ્યતા, ટકાઉપણું અને માન્યતા પ્રાપ્ત કરવા માટે જરૂરી સાધનો અને પ્લેટફોર્મ હોય. સાંસ્કૃતિક મંત્રાલયના સચિવ શ્રી વિવેક અગ્રવાલે જણાવ્યું હતું કે, મંત્રાલયનું ધ્યાન પ્રવેશના લોકશાહીકરણ (democraizing access) પર છે જેથી દેશના ખૂણેખૂણેથી લોક કલાકારો ગૌરવ સાથે તેમની સંસ્કૃતિ અને પરંપરાઓને જાળવી શકે અને સ્વતંત્ર સર્જનાત્મક સાહસિકો તરીકે વિકાસ કરી શકે. શ્રી અગ્રવાલે વધુમાં ઉમેર્યું હતું કે મંત્રાલયના વ્યાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે YouTube ની વૈશ્વિક પહોંચને જોડીને, મંત્રાલય માત્ર એક મંચ પૂરો પાડી રહ્યું નથી, પરંતુ લાખો લોક કલાકારોને આત્મનિર્ભર બનવા અને સફળ પ્રયાસો ચલાવવા માટે પાયો નાખવામાં મદદ કરી રહ્યું છે. આ જાહેરાત પર ટિપ્પણી કરતા, YouTube ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર ગુંજન સોનીએ જણાવ્યું હતું કે YouTube ભારતની દરેક ગલી અને ખૂણેથી કલાકારો અને સર્જકોને તેમની પ્રતિભા વિશ્વ સાથે શેર કરવામાં મદદ કરવા માટે બનાવવામાં આવ્યું છે. લોક સંગીત એ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતાનો એક જીવંત ભાગ છે અને સાંસ્કૃતિક મંત્રાલય સાથેની આ ભાગીદારી આ અનિવાર્ય પરંપરાઓને જાળવવા અને તેને વિસ્તૃત કરવાની અમૂલ્ય તક છે. તેણીએ વધુમાં ઉલ્લેખ કર્યો કે YouTube મંત્રાલયના ઊંડા સાંસ્કૃતિક જોડાણ અને IMOC ના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તેની અનોખી ક્ષમતા સાથે જોડીને વૈશ્વિક પ્લેટફોર્મ પર કલાકારોને સમર્થન આપવા અને દરેક જગ્યાએ સર્જકો માટે સુલભતા વધારવા માટે રોમાંચિત છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનો વડોદ ગામનો પ્રેરણાદાયી પ્રવાસ : ખેડૂત શ્રી વજેસંગ ડાભીના પ્રાકૃતિક ફાર્મની લીધી મુલાકાત

## રાજ્યપાલશ્રીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો સમજાવી તેનું વિસ્તૃત માર્ગદર્શન આપ્યું





કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમના વડોદગામના પ્રવાસ દરમિયાન ખેડૂત શ્રી વજેસંગ ડાભીના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી હતી. અહી તેમણે આશરે ૧૫૦ જેટલા ખેડૂતો સાથે સંવાદ પણ સાધ્યો હતો. રાજ્યપાલશ્રીએ અહીં ફાર્મના માલિક ખેડૂત શ્રી વજેસંગ ડાભી પાસેથી પ્રાકૃતિક પદ્ધતિથી પાકનું ઉત્પાદન અને વેચાણસહિતની બાબતોની માહિતી મેળવી હતી. આ ઉપરાંત રાજ્યપાલશ્રીએ સમગ્ર ખેતર અને તેમાં વાવેલા પાકનું નિરીક્ષણ કર્યું હતું. ફાર્મમાં ખેડૂત શ્રી વજેસંગ ડાભી દ્વારા અપનાવેલ પ્રાકૃતિકખેતી જોઈ રાજ્યપાલશ્રી આનંદિત થયા હતા અને ખેડૂતને અભિનંદન આપ્યા હતા. ખેતરમાં રાજ્યપાલશ્રીએ સાદગીપૂર્ણ રીતે ખાટલા પર બેસીને ખેડૂત ભાઈઓ-બહેનો સાથે સહજતાથી સંવાદ સાધ્યો હતો. તેમણે પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો વિશે જણાવી અને તેનાથી થતા ફાયદાઓ વિશે માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત પ્રાકૃતિક ખેતી કેવી રીતે કરી શકાય તેના વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી દેશનું ભવિષ્ય ઉન્નત બનશે અને દેશ સ્વસ્થ બનશે. આ તકે રાજ્યપાલશ્રીએ પોતે અપનાવેલ પ્રાકૃતિક ખેતી અને તેનાથી થયેલ ફાયદાઓ વિશે પણ ખેડૂતોને વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ખેડૂતો પોતાનો માલ સરળતાથી વેચી શકે તેના માટે સ્થાનિક સ્તરે વેચાણ કેન્દ્રો ખોલવામાં આવી રહ્યા છે. વધુમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા પણ પોતાની સાફલ્ય ગાથાનું વર્ણન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ કરી રહેલા તમામ ખેડૂતોને અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યપાલશ્રીની ખેતરની આ મુલાકાતને ખેડૂતોએ હર્ષભેર વધાવી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, ખેતીવાડી વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ગામના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિસદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા આણંદ સ્થિત સિદ્ધિ વિનાયક મંદિર થી રામનવમી નિમિતે આયોજિત શોભાયાત્રા પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલે હાજરી આપી શોભાયાત્રામાં જોડાયા.



કમલમ્,

વાસદ સ્થિત શ્રી રામજી મંદિર અને ગ્રામ સુધારણા સાર્વજનિક ફંડ દ્વારા આયોજીત શ્રી રામનવમી મહોત્સવ પ્રસંગે સાંસદ શ્રી મિતેષભાઇ પટેલે ઉપસ્થિત રહી ભગવાન શ્રી રામલલ્લાના દર્શન કરી પાલખી યાત્રામાં જોડાયા અને આશિર્વાદ પ્રાપ્ત કર્યા







કમલમ્,

"જળ સેવા એજ પ્રભુ સેવા" ના પવિત્ર સંકલ્પ સાથે સિદ્ધપુર શહેરના પથ્થરપોળ વિસ્તારમાં સદાબહાર ગ્રુપ દ્વારા નવનિર્મિત ૩૬૫ દિવસ મિનરલ ઠંડા પાણીની પરબના ઉદ્ઘાટન ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહીને ગૌરવની લાગણી અનુભવી. ગરમીના કઠિન સમયમાં તરસ્યા લોકો માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરવી એ સાચા અર્થમાં માનવ સેવા છે. આવો સેવા યજ્ઞ સમાજમાં કરુણા, સહાનુભૂતિ અને એકતા વધારવાનું પ્રેરણાસ્ત્રોત બની રહે છે. આ પ્રસંગે શ્રી કૌશલભાઈ જોશી, શ્રી મિહિરભાઈ પાધ્યા, શ્રી ભાર્ગવભાઈ રાવલ, શ્રી અજીતભાઈ ગુરુ, શ્રી સંજયભાઈ શુક્લા, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી નિરંજનભાઈ ઠાકર, શ્રી મનીષભાઈ આચાર્ય, શ્રી ઉર્વેશભાઈ પંડ્યા, શ્રી અરવિંદભાઈ દવે, શ્રી રણજીતસિંહ સોલંકી, રમેશભાઈ જોશી, શ્રી મનુભાઈ, હેતલબેન પંચાલ તેમજ સદાબહાર ગ્રુપના દાતાઓ, વડીલો, યુવાનો, સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકા સદસ્યો અને આગેવાનો તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર પાટણના સંયુક્ત ઉપક્રમે આયોજિત "માતૃ વંદના ઉત્સવ – ૨૦૨૬" નું ઉદ્ઘાટન ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે કર્યું. બે દિવસીય આ ભવ્ય કાર્યક્રમના પ્રથમ દિવસે પ્રખ્યાત લોકગાયક શ્રી કિર્તીદાન ગઢવીજીએ પોતાના સ્વરસુરોથી પાટણની જનતાને મંત્રમુગ્ધ કરી દીધી. માતૃશક્તિ પ્રત્યેના આદર અને આપણા સંસ્કાર-સંસ્કૃતિના સંવર્ધન માટે આયોજિત આ ઉત્સવ સમાજમાં નવી ઊર્જા અને એકતા પ્રેરિત કરે છે. આવા સાંસ્કૃતિક કાર્યક્રમો આપણી પરંપરા અને ધરોહરને વધુ મજબૂત બનાવે છે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રી, અનિતાબેન પટેલ, સોનલબેન ઠાકર, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી કૌશલભાઈ જોશી, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી મિહિરભાઈ પાધ્યા, શ્રી મનીષભાઈ આચાર્ય, શ્રી શંભુભાઈ દેસાઈ, શ્રી ભાવેશભાઈ, શ્રી અંકુરભાઈ, શ્રી જયેશભાઈ પંડ્યા, નગરપાલિકાના સદસ્યો, સંગઠનના હોદ્દેદારો, વિવિધ મોરચાના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતનું 'બનાસ બાયો સીએનજી' મોડલ બની રહ્યું છે કચરામાંથી કંચન અને ગ્રામીણ સમૃદ્ધિનો નવો રાષ્ટ્રીય માપદંડ

## બાયો સીએનજી પ્લાન્ટ્સને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે સ્ટેટ બજેટમાં ૬૦ કરોડની જોગવાઈ કરી છે






## બાયો સીએનજી ગેસ અને જૈવિક ખાતરના વેચાણથી પ્લાન્ટ દીઠ વાર્ષિક આશરે ૧૨ કરોડની આવક થવાનો અંદાજ

કમલમ્, ગાંધીનગર

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વેસ્ટ ટુ વેલ્થ', આત્મનિર્ભર ભારત અને હરિત ઊર્જાના વિઝનને સાકાર કરીને ગુજરાતનું વિકાસ મોડલ હવે રાષ્ટ્રીય સ્તરે એક સફળ ઉદાહરણ તરીકે ઉભર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વિકસિત કરવામાં આવેલ બનાસ બાયો-સીએનજી પ્લાન્ટ મોડલને કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય અને કેન્દ્રીય સહકારિતા વિભાગના સંયુક્ત પ્રયાસો થકી દેશના લગભગ ૧૫ રાજ્યો પોતાને ત્યાં અમલી કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. બનાસ ડેરી દ્વારા વિકસિત આ પ્રોજેક્ટ ગાયના છાણ જેવા જૈવિક કચરાને સ્વચ્છ બળતણ અને જૈવિક ખાતરમાં રૂપાંતરિત કરીને ગ્રામીણ અર્થતંત્રની તસવીર બદલી રહ્યો છે.

■ **બાયો સીએનજી માટે ગુજરાત સરકાર દ્વારા બજેટમાં ૬૦ કરોડની ફાળવણી**

ગુજરાત સરકારે આ નવીન પહેલની વ્યાપક સંભાવનાઓને ધ્યાનમાં રાખીને બાયો સીએનજી સેક્ટરને પોતાની બજેટની પ્રાથમિકતાઓમાં ટોચ પર રાખ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે સહકારી દૂધ ઉત્પાદન મંડળીઓ દ્વારા નવા પ્લાન્ટ સ્થાપિત કરવા માટે ૬૦ કરોડની વિશેષ જોગવાઈ કરી છે. બજેટમાં આ જોગવાઈ કરવાનો ઉદ્દેશ ડેરી ક્ષેત્રને સ્વચ્છ ઊર્જા ઉત્પાદનનું કેન્દ્ર બનાવવાનો અને ગ્રામીણ અર્થતંત્રને આત્મનિર્ભર બનાવવાનો છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ રાજ્યમાં તબક્કાવાર રીતે લગભગ ૧૦ બાયો સીએનજી પ્લાન્ટ સ્થાપિત કરવાનો પ્લાન પ્રસ્તાવિત છે.

■ **ખેડૂતો, ઉદ્યોગો અને પર્યાવરણ જાળવણી માટેનું 'વિન-વિન' સંયોજન છે બનાસ બાયો-સીએનજી પ્લાન્ટ મોડલ**

બનાસકાંઠામાં દૈનિક ૪૦ મેટ્રિક ટન ગોબર પ્રોસેસિંગની ક્ષમતાવાળો બનાસ બાયો-સીએનજી પ્લાન્ટ છેલ્લા ૬ વર્ષોથી સફતાપૂર્વક કાર્યરત છે, જે એક સાબિત થયેલું મોડલ છે. તેની સફળતાથી પ્રેરિત થઈને બનાસકાંઠામાં ૫ મોટા બાયો-સીએનજી પ્લાન્ટ શરૂ કરવા માટે કામ ચાલી રહ્યું છે. હાલમાં, આયોજિત ૫ પ્લાન્ટ્સમાંથી ૨ પ્લાન્ટ્સ કાર્યરત થઈ ગયા છે, જ્યારે ત્રીજો પ્લાન્ટ પૂરો થવાના અંતિમ તબક્કામાં છે. દરેક પ્લાન્ટ દૈનિક લગભગ ૧૦૦ મેટ્રિક ટન (૧ લાખ કિલો) છાણને વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રોસેસ કરે છે.

આશરે ૫૦-૫૫ કરોડના ખર્ચે નિર્મિત આ પ્લાન્ટ આધુનિક ટેક્નોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઉત્તમ ઉદાહરણ છે, જે સાબિત કરે છે કે ઈકોલોજી અને ઈકોનોમી કેવી રીતે એકબીજાને સમાંતર ચાલી શકે છે, અને કેવી રીતે પર્યાવરણ સંરક્ષણ, ખેડૂતોની સમૃદ્ધિ અને ઔદ્યોગિક પ્રગતિ આ ત્રણેય એક સાથે શક્ય બની શકે છે.

■ **પશુપાલકો માટે બાયો-સીએનજી પ્લાન્ટ બની રહ્યો છે વધારાની આવકનો સ્ત્રોત**

બનાસકાંઠામાં સ્થાપિત બાયો-સીએનજી પ્લાન્ટ્સ આશરે ૨૦ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલા ૨૦-૨૫ ગામોના પશુપાલક પરિવારોને આવરી લે છે, જેઓ નિયમિતપણે છાણનો પુરવઠો પૂરો પાડે છે. ખેડૂતોને છાણ માટે પ્રતિ કિલોગ્રામ ૧ ચૂકવવામાં આવે છે, જે અંદાજે ૪૦૦-૪૫૦ પશુપાલક પરિવારોને વધારાની આવક પણ પૂરી પાડે છે. ગાયના છાણના સંગ્રહ અને પરિવહન માટે લગભગ ૧૩ ટ્રેક્ટર-ટ્રોલીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જે પ્રતિ ટ્રીપ લગભગ ૪-૪ મેટ્રિક ટનની ક્ષમતા સાથે છાણને પ્લાન્ટ સુધી પહોંચાડે છે, જેનાથી ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર અને સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓમાં પણ વધારો થાય છે. એટલું જ નહીં, આ પ્લાન્ટ વિવિધ ઉત્પાદનો આધારિત આર્થિક મોડલ પર કાર્ય કરે છે, એટલે કે પ્લાન્ટમાં ગેસ ઉપરાંત ખાતર કે અન્ય ઉત્પાદનો દ્વારા પણ આવક મેળવી શકાય છે.

આ મોડલ હેઠળ દરરોજ આશરે ૧,૮૦૦ કિલોગ્રામ કોમ્પ્રેસ્ડ બાયોગેસ (CNG)નું ઉત્પન્ન થાય છે, જે આશરે ૭૫ પ્રતિ કિલોગ્રામના ભાવે બજારમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ ઉપરાંત, લગભગ ૨૫ મેટ્રિક ટન ઘન જૈવિક ખાતર અને ૭૫ મેટ્રિક ટન પ્રવાહી જૈવિક ખાતરનું ઉત્પાદન થાય છે, જે અનુક્રમે આશરે ૬ પ્રતિ કિલોગ્રામ અને ૦.૫૦ પ્રતિ કિલોગ્રામના ભાવે વેચાય છે. આ ત્રણેય ઉત્પાદનો પ્લાન્ટ માટે દરરોજ ૩ લાખથી વધુની આવક ઉત્પન્ન કરે છે, જે વાર્ષિક આશરે ૧૨ કરોડ સુધી પહોંચી શકે છે.

■ **બાયો-સીએનજી પ્લાન્ટ્સથી રાજ્ય સરકારના 'ગ્રીન ગુજરાત'ના સંકલ્પને મળી રહ્યો છે વેગ**

ગુજરાતનો આ નવીન પ્રોજેક્ટ માત્ર ઊર્જા ક્ષેત્રે જ નહીં, પરંતુ પર્યાવરણ સંરક્ષણ તરફ પણ એક ક્રાંતિકારી પગલું છે. આ મોડલ વાર્ષિક આશરે ૬,૭૫૦ ટન $CO_2e$ (કાર્બન ડાયોક્સાઈડ સમકક્ષ) ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવાની ક્ષમતા ધરાવે છે, જે આબોહવા પરિવર્તનના વૈશ્વિક પડકાર સામે ગુજરાતના નોંધપાત્ર યોગદાનને દર્શાવે છે. સ્વચ્છ ઈંધણનું ઉત્પાદન, રસાયણમુક્ત જૈવિક ખાતરની ઉપલબ્ધતા અને વૈજ્ઞાનિક કચરા વ્યવસ્થાપનનો આ ત્રિકોણીય સંગમ 'ગ્રીન બનાસકાંઠા'થી આગળ વધીને 'ગ્રીન ગુજરાત'ના વ્યાપક સંકલ્પને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરી રહ્યો છે.

